મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### ખાનગી રેકોર્ડ દસ્તાવેજો વાઈરલ બાબતે

# વીરપુર દેસાઈ સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય પર કાર્યવાહી કરવા ઉઘ નું સંચાલક મંડળ ને ફરમાન

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની દેસાઈ સી એમ હાઈસ્કૂલ ના આચાર્ય કે.બી પટેલ દ્વારા સ્કૂલના અંગત ડોક્યુમેન્ટ ગેરકાયદેસર રીતે ફરતા કર્યા હોવાના આક્ષેપો સાથે જિલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી. જી.આર રજીસ્ટર ફોટા તેમજ લિવિંગ સર્ટિફિકેટની ઓ.સી સોશ્યલ મીડિયાના માધ્યમથી ગેરકાયદેસર રીતે ફરતા કર્યા હોવાના આક્ષેપો ઉઠ્યા હતા. ત્યારે આવા આચાર્ય વ્યક્તિગત લાભ લઈ ગેરરીતિ આચરી શાળાનું ખાનગી રેકડ ગેરકાયદેસર રીતે ફરતું કરતા તાત્કાલિક તાપસ કરી



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

શાળાના આચાર્ય સામે કાયદેસરની કાર્યવાહી કરવા જિલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરવામાં આવી હતી. ત્યારે હાઈસ્કૂલના આચાર્ય કે.બી પટેલ સામે થયેલા આક્ષેપો ને દ્યાને લઈ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તપાસના આદેશો આપતા તપાસમાં શાળાના આચાર્ય કે.બી પટેલ દોષિત હોવાનું ફલિત થતા અને અરજદાર દ્વારા થયેલ આક્ષેપો યોગ્ય લાગતા શાળાનું મંડળ વીરપુર કેળવણી મંડળને શાળાના આચાર્ય પર કાર્યવાહી કરવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીએ આદેશો કરતા શિક્ષણ આલમમાં ફફડાટ જોવા મળ્યો હતો.

### મંડળ કાર્યવાહી નહીં કરે તો અમે મંડળ સામે કાર્યવાહી કરીશું

દેસાઈ સી એમ હાઈકુલ ગ્રાન્ટેડ સ્કૂલ હોવાથી અમે વીરપુર કેળવણી મંડળને કાર્યવાહી કરવા માટે લખ્યું છે અને જો મંડળ કાર્યવાહી નહી કરે તો અમે મંડળ સામે કાર્યવાહી કરીશું.

**મહીસાગર જિલ્લા શિક્ષણ અધિકારી,પી એન મોદી.**

### લુણાવાડા નગર પાલિકાના વોર્ડ નંબર ૪,૫ અને ૭ ની

# પેટાચુંટણીમાં સત્તાવાર ઉમેદવાર જાહેર થતાં ની સાથે પ્રચારનો ધમ-ધમાટ શરૂ

લુણાવાડા,

લુણાવાડા નગરપાલિકાની ત્રણ વોર્ડની પેટાચુંટણી જાહેર થતાંની સાથે સત્તાની ભૂખ માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પ્રમુખ પદની ખુરશીના જંગ માટે દોડધામ શરૂ કરી દીધી છે સત્તાવાર ઉમેદવાર દ્વારા પોતાના વોર્ડમાં પ્રચાર શરૂ કરી દીધો છે એક બાજુ ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારને પાર્ટી દ્વારા ટિકિટ ન મળતા ક્યાંક ને ક્યાંક સમર્થકોમાં મોટા પ્રમાણમાં રોષ ભભૂકી ઉઠ્યો છે ટીકીટ ન મળતાં પાર્ટીને વળેલા સભ્યો દ્વારા કઈ બાજુ મતદાન કરવામાં આવશે તે તો મત ગણતરી સમયે જ ખબર પડશે હાલ નગરમાં ત્રણ વોર્ડની ખાલી પડેલી ચુંટણી માટે જોરશોર થી પ્રચારનો રંગ જામ્યો છે આ ત્રણેય વોર્ડમાં અગઉ ભાજપના ઉમેદવાર ચુંટણી જીતી ચૂક્યા છે પણ પક્ષ પલટો કરતાં તે ત્રણેય ઉમેદવાર ને ભાજપ પક્ષ દ્વારા સભ્ય માંથી સસ્પેન્ડ કરેલ છે જેને લઈને ભાજપ દ્વારા "દૂધ નો દાજેલો છાસ ફૂકી ફૂકીને પીવે તેવી પરિસ્થિતી" નું નિર્માણ થયું છે આગામી તારીખ ૩-ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાનાર છે ત્યારે વોર્ડ નંબર-૪ માંથી ભાજપ માંથી માયાબેન અજયભાઈ ભોઈ અને કોંગ્રેસ માંથી સુમિત્રાબેન અંકિતકુમાર ભોઈ અને વોડ નંબર ૫ માંથી ભાજપ માંથી બીનીતાબેન પંકજકુમાર દોશી અને કોંગ્રેસ માંથી વર્ષબેન પવનકુમાર જૈન અને અપક્ષ માંથી પુષ્પેન્દ્રકું વરબા ઈન્દ્રવીજયસિંહ સોલંકી નું ફોર્મ મંજુર કર્યું છે જ્યારે વોર્ડ નંબર ૭ માંથી ભાજપ માંથી દક્ષેશકુમાર કીર્તિભાઈ પટેલિયા અને કોંગ્રેસ માંથી અમિતકુમાર રમણલાલા ધોબી અને અઅડમાંથી હિરેનકુમાર પ્રવિનલાલ સોલંકી એ ફોમ ભર્યું છે જેને લઈને ત્રી પોખીયો જંગ ખેલયો છે જેને લઈને આવનારી ચુંટણીમાં ક્યાં પક્ષને નુકશાન કરશે તે તો પરિણામ બતાવશે.

# મહીસાગર જિલ્લાને મનમોહક બનાવવા કલેકટરના માર્ગદર્શનમાં તંત્રના પ્રયાસો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણવાડા,

મહિસાગર જિલ્લાને મન મોહક બનાવવા જિલ્લાના પ્રવાસન સ્થળો જેવા કે રૈયોલી ડાયનાસોર ફોસિલ પાર્ક, કલેશ્વરી, કડાણા ડેમ સાઈટ, માનગઢ હિલ, સાતકુંડા, મહાકાળી માતા ટેકરી લુણાવાડા, સ્વરૂપ સાગર તળાવ વરઘરી, ધામોદ જેવા સ્થળોને વધુ ડેવલોપ કરી હરવા-ફરવા માટેની પ્રવાસન સર્કિટ ઊભી કરવાના પ્રયાસો કરતા જિલ્લા કલેકટર ડો.મનીષ કુમારે મુખ્ય મથક લુણાવાડા શહેરના વિકાસ અંગે જિલ્લા સેવા સદન સરકારી કચેરીઓ અને સરકારી અધિકારીઓના આવાસની આજુબાજુના વિસ્તારના વિકાસ માટેના જેવાકે ગાર્ડનીગ, વોકિંગ ટ્રેક, સાયકલિંગ, રમત ગમત માટે પણ તેમજ ફરવા માટેની અને બેસવા લાયક જગ્યાઓ અંગે જિલ્લાના વિવિધ અધિકારીઓ સાથે ચર્ચાઓ કરી હતી.

આ પ્રથમ જાતનિરીક્ષણમા અધિક નિવાસી કલેક્ટર એ. આઈ. સુથાર, નાયબ પોલીસ અધિક્ષક પ્રજાપતિ, માર્ગ અને મકાન વિભાગના પાટીદાર, જિલ્લા પ્રાયોજના વહીવટદાર પાટીદાર, નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ ઋષિરાજ પુવાર, પ્રાંત અધિકારી મોડીયા, લુણાવાડા નગરપાલિકા ચીફ ઓફિસર ભદ્રેશ, જિલ્લા રમત ગમત અધિકારી મયુરી બાળા અને અધિકારીઓને માર્ગદર્શન આપી કલેકટરએ ભવિષ્યના પ્લાનિંગ સાથે કામ કરવા સુચના આપી હતી.

# ડેન્ગ્યુ, ચિકનગુનિયા કોરોનામાંથી સાજાં થયેલાં લોકો માટે ખતરનાક સાબિત

અમદાવાદ,

રાજ્ય સહિત અમદાવાદમાં કોરોના બાદ હવે લોકો મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાના શિકાર બની રહ્યા છે. મચ્છરજન્ય રોગ અને કોરોનાને કોઈ સીધું કનેક્શન નથી. પરંતુ જ્યારે કોરોનામાંથી સાજા થયેલા દર્દીને ડેન્ગ્યુ થાય ત્યારે તેના પ્લેટલેટ ખૂબ જ ઝડપથી ઘટી જાય છે. ડૉ. સચોરા જણાવે છે કે, આવા ઘણા કેસમાં તો પ્લેટલેટ ઘટીને ૧૫-૨૦ હજાર સુધી પણ પહોંચ્યાના દાખલા છે. શેલ્બી હોસ્પિટલના ડૉ. ફાલ્ગુની ઐયરનું કહેવું છે કે, કોરોના થયો હોય તેવા ચિકનગુનિયાના દર્દીઓને સાંધાનો દુઃખાવો અને તાવ લાંબો સમય સુધી રહે છે. આવા દર્દીને એકાદ સપ્તાહ સુધી સતત તાવ આવે છે, અને સાંધાનો દુઃખાવો દોઢ મહિના સુધી રહી શકે છે. શરીર કોરોનાની અસરથી સંપૂર્ણ મુક્ત ના થયું હોય તે પહેલા જ વધુ એક વાયરલ અટેકને કારણે ચિકનગુનિયા જેવો રોગ પણ દર્દીને ખૂબ જ પરેશાન કરી મૂકે છે. બોપલમાં રહેતા હિરેન પટેલ સાથે પણ આવું જ થયું હતું. તેમને સેકન્ડ વેવ દરમિયાન એપ્રિલ મહિનામાં કોરોના થયો હતો. જેમાંથી તેઓ સાજા થઈ ગયા હતા, પરંતુ બે મહિનામાં તેમને ચિકનગુનિયા થયો, જેના લીધે તેમને સતત પાંચ દિવસ સુધી તાવ આવ્યો હતો. તેની સાથે તેમને સાંધાનો અસહ્ય દુઃખાવો પણ સહન કરવો પડ્યો હતો.શહેરમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે ત્યારે કોરોનામાંથી સાજા થયેલા લોકો તેના સૌથી વધુ શિકાર બની રહ્યા છે. ડૉક્ટર્સનું માનીએ તો, કોરોનાને કારણે રોગપ્રતિકારક શક્તિ નબળી પડવાથી તેમાંથી સાજા થયેલા લોકો આસાનીથી ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા રોગમાં સપડાઈ રહ્યા છે. શહેરની કે.ડી. હોસ્પિટલમાં ફરજ બજાવતા ડૉ વસીમઅહેમદ સચોરાનું માનીએ તો, તેમણે આ વર્ષે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના ૨૦૦ જેટલા દર્દીઓની સારવાર કરી છે, જેમાંથી ૧૦૦ કોરોનામાંથી સાજા થયેલા દર્દી હતાં. ન્યૂ રાણીપમાં રહેતા અને પ્રાઈવેટ કંપનીમાં સિવિલ એન્જિનિયર તરીકે નોકરી કરતા ૩૪ વર્ષીય અમિત રાવલને જુન મહિનામાં કોરોના થયો હતો. સતત તાવ આવતો હોવાના કારણે તેમને હોસ્પિટલમાં એડમિટ થવું પડ્યું હતું. ટ્રીટમેન્ટ દરમિયાન સ્ટિરોઈડ અને અન્ય દવાઓના હેવી ડોઝ લેવાના કારણે તેમના શરીરમાં અશક્તિ આવી ગઈ હતી, અને પાચનશક્તિ પણ નબળી પડી ગઈ હતી. કોરોનામાંથી સાજા થયા બાદ તેમને લાગતું હતું કે હવે તેઓ આફતમાંથી બહાર આવી ગયા છે. જોકે, થોડા જ સમયમાં એક નવી સમસ્યાનો તેમને સામનો કરવાનો હતો. જુલાઈ મહિનામાં તેમને ફરી તાવ ચઢ્યો, જે દવાઓ લીધા બાદ પણ ના ઉતર્યો. તેમને ડેન્ગ્યુ હોવાનું નિદાન થયું, જેની સારવાર માટે ફરી હોસ્પિટલમાં એડમિટ થવાનો વારો આવ્યો. તાવ સાથે માથાંમાં થતો અસહ્ય દુઃખાવો તેમજ ઝાડા-ઉલ્ટીને કારણે તેઓ કેટલાક દિવસ હોસ્પિટલમાં રહ્યા. સાજા થયા બાદ તેમણે કામ પર જવાનું શરુ કર્યું, પરંતુ ઓગસ્ટમાં ફરી તેમને ચિકનગુનિયા થયો. ત્રણ મહિનામાં ત્રણ વાર બીમાર પડી ચૂકેલા અમિત રાવલ દવાઓના હેવી ડોઝને કારણે ખૂબ જ અશક્તિ અનુભવી રહ્યા છે. તેમને એવું લાગે છે કે જાણે તેમના હાડકાં ઘરડા થઈ ગયા છે. તેમને પથારીમાંથી ઉઠવામાં પણ શ્રમ પડે છે. તેઓ તો ત્યાં સુધી કહે છે કે ચિકનગુનિયા તો કોરોના કરતા પણ ખતરનાક છે. તેના કારણે તેમની હાલત ખરાબ થઈ ગઈ છે. તેમના ડૉક્ટરના જણાવ્યા અનુસાર, તેમને કોરોના પણ થઈ ચૂક્યો હોવાથી ચિકનગુનિયાના અન્ય દર્દીઓ કરતાં તેમને સાંધાનો દુઃખાવો વધારે થઈ રહ્યો છે.

# સૌરાષ્ટ્રના ખેડૂતો વળ્યા ચંદનની ખેતી તરફ



રાજકોટ,

ચંદન ભારતીય સંસ્કૃતિમાં એક આગવું સ્થાન સ્થાન ધરાવે છે અને વિવિધ ધાર્મિક વિધિઓમાં તેનો વ્યાપક ઉપયોગ છે. માત્ર લાકડું જ નહીં પણ તેમાંથી કાઢવામાં આવેલું તેલ પણ કોસ્મેટિક, ફાર્માસ્યુટિકલ, એરોમાથેરાપી અને અત્તર ઉદ્યોગનું વિશાળ બજાર ધરાવે છે. ખેડૂતોએ જણાવ્યા પ્રમાણે ચંદનના વેચાણ માટે કર્ણાટકમાં ખાસ માર્કેટયાર્ડ છે. એક કિલો લાકડું ર. ૫,૦૦૦ થી ૭,૦૦૦ ની કિંમતમાં મળે છે જ્યારે તેનું તેલ ૧.૫ લાખ રૂપિયા પ્રતિ કિલોમાં વેચાય છે. જોકે ચંદનના વાવેતરનો ખર્ચ ખૂબ ઉંચો છે. વન વિભાગના સામાજિક વનીકરણ સર્કલ દ્વારા સન્માનિત ધોરાજી તાલુકાના ખેડૂત ગોરધન લક્કડે જણાવ્યું હતું કે, "એકવાર વાવણી પૂર્ણ થઈ જાય પછી તેને જાળવણી માટે દર વર્ષે માત્ર રૂ. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ના ખર્ચની જરૂર પડે છે." રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામના ખેડૂત સુરેશ મોરડિયાએ છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૦ ચંદનના વૃક્ષોની ખેતી કરી છે. મોરડિયાએ કહ્યું કે "એક વખતનું વાવેતર કરવાનું હોય છે જેના માટે એકર દીઠ રૂ. ૨૦,૦૦૦ ખર્ચ થાય છે. જેમાં ખાડા ખોદવાથી લઈને ખાતર પૂરું પાડવા સુધીની બાબત સામેલ છે. જો કે, જે ખેડૂતો પાસે સિંચાઈની યોગ્ય સુવિધા છે તેઓ જ માત્ર ચંદનની ખેતી કરી શકે છે, ચંદનની ખેતી માટે ચોમાસા પર નિર્ભર ન રહી શકાય." જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ખેડૂત ભોગાભાઈ ધરેવાડાએ ૭૦૦ ચંદનના વૃક્ષો વાવ્યા છે. તેમણે કહ્યું, "જે ખેડૂતો પાસે વિશાળ ઉજ્જડ જમીન છે તેમના માટે આ વૃક્ષ આશીર્વાદ સ્વરુપ છે. બાગાયતી ખેડૂતો પણ ચંદનની ખેતી કરી શકે છે જો તેઓ આ માટે થોડા એકર જમીન ફાળવે તો. નાયબ વન સંરક્ષક, રવિ રવિપ્રસાદ રાધાકૃષ્ણે અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતાં કહ્યું કે, "આ વૃક્ષને ખાસ કાળજીની જરૂર છે કારણ કે તે પર્યાવરણીય ઉતાર ચઢાવને લઈને ખૂબ જ સંવેદનશીલ છે. ઘણીવાર કેટલાક વૃક્ષોમાં અંદર સુગંધીત લાકડું તૈયાર નથી થતું તો તેના સામાન્ય લાકડાનું પણ સારું બજાર છે કારણ કે તેનો ઉપયોગ ધાર્મિક વિધિઓમાં થાય છે.ટૂંક સમયમાં જ દુનિયા ગુજરાતમાં ઉગેલા ચંદનની સુગંધથી સુગંધીત થઈ જશે. જે સાથે આપણું ગુજરાત દક્ષિણ ભારતના ચંદનના ઘર કહેવાતા રાજ્યો સાથે સ્પર્ધામાં ઉતરશે જોકે આ દક્ષિણ ભારતને આ મામલ પાછળ રાખવું સહેલું નથી પરંતુ છેલ્લા કેટલાક સમયથી જે રીતે ચંદનની ખેતી વધી રહી છે તે જોતા ગુજરાત ચંદન ઉત્પાદન મામલે જરુર દુનિયામાં એક નિશ્ચિત સ્થાન ધરાવશે. પાછલા વર્ષોમાં રાજકોટ, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતોએ ચંદનની ખેતીનો પ્રયોગ શરૂ કર્યા છે. જોકે તેમને સફળતાની સુગંધ માટે વધુ એક દાયકા સુધી રાહ જોવી પડશે, પરંતુ પ્રયાસો સાચી દિશામાં જઈ રહ્યા હોય તેવું લાગે છે. અને નર્સરી ધરાવતાં કેટલાક વ્યક્તિઓના દાવા પ્રમાણે સૌરાષ્ટ્રમાં ઓછામાં ઓછા ૨,૦૦૦ ખેડૂતો ચંદનની આ મીઠી સુગંધથી તેમની તિજોરીમાં ભરવાની અપેક્ષા રાખી રહ્યા છે. મધુ ચાંગાણી છેલ્લા કેટલાક વર્ષોથી જામનગર જિલ્લાના ધુતારપર ગામમાં ચંદનની નર્સરી ચલાવે છે. તેઓ કર્ણાટક અને તમિલનાડુમાંથી બીજ લાવે છે અને નિયંત્રિત વાતાવરણમાં ગ્રીનહાઉસમાં તેના રોપાને ઉછેરે છે. આ રોપા પાછળથી ખેતરમાં રોપવામાં આવે છે. તેમણે કહ્યું કે "સૌરાષ્ટ્રના લગભગ ૨,૦૦૦ ખેડૂતો છે જે મારી પાસેથી રોપાઓ લઈ ગયા છે અને સફળતાપૂર્વક ચંદનની ખેતી કરી રહ્યા છે તેઓ મારી સાથે જોડાયેલા છે. જંગલોમાં ચંદનના ઝાડને પરિપક્વ થવા માટે ૩૦ વર્ષ લાગે છે, પરંતુ જો તેનું પદ્ધતિસર આયોજન કરી વાવેતર કરવામાં આવે તો, વૃક્ષ ૧૫ વર્ષના અડધા સમયમાં જ પરિપક્વ થઈ જાય છે.

# NDAની પરીક્ષામાં મહિલાઓને નહી બેસવા દેવાની કેન્દ્રની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી,

દેશના લશ્કરીદળો ભૂતકાળમાં ગમે તેવી ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળ્યા હતા, અને ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળતું તે તેઓની તાલિમનો એક ભાગ છે. અમને સંપૂર્ણ ખાતરી છે કે મહિલા ઉમેદવારો પણ ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળશે તેથી આ તબક્કે અમે અમારો અગાઉનો આદેશ રદી કરી તેમ નથી એમ ન્યાયમૂર્તિ બી. આર. ગવઈને સમાવતી બેન્ચે સરકારને રોકડું પરખાવી દીધું હતું.મહિલા ઉમેદવારોને નેશનલ ડિફેન્સ એકેડેમી (એનડીએ)ની પ્રવેશ પરીક્ષામાં આ વર્ષે નહીં બેસવા દેવાની કેન્દ્ર સરકારની વિનંતીને સુપ્રીમ કોર્ટે એમ કહેતાં ફગાવી દીધી હતી કે દેશના લશ્કરમાં મહિલાઓના પ્રવેશને એક વર્ષ માટે રોકી શકાય નહીં. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં કોર્ટને એવી વિનંતી કરી હતી કે એનડીએની પ્રવેશ પરીક્ષામાં આ વર્ષથી જ મહિલા ઉમેદવારોને બેસવા દેવાની મંજૂરી આપતા તેના અગાઉના આદેશને પાછો ખેંચી લે. જો કે સુપ્રીમ કોર્ટે પોતાના અગાઉના આદેશને પાછો ખેંચી લેવાનો સ્પષ્ટ ઈકાર કરી દીધો હતો. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં કહ્યું હતુ કે ૨૦૨૨ના વર્ષમાં યોજાનારી એનડીએની પ્રવેશ



પરીક્ષા માટે મહિલાઓને બેસવા દેવાની મંજૂરી આપતું એક જાહેરનામુ આગામી વર્ષે મે મહિનામાં બહારહ પાડી દેવામાં આવશે. ન્યાયમૂર્તિ એસ.કે કૌલની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું હતું કે ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળવા દેશના લશ્કરીદળો શ્રેષ્ઠ તાકાત બન્યા છે તેથી અમે આશા રાખીએ છીએ કે દેશના સંરક્ષણ દળોમાં મહિલાઓના પ્રવેશ માટે સંરક્ષણ મંત્રાલય યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની સાથે સહયોગમાં રહીને વિના વિલંબે તમામ જરુરી વ્યવસ્થા કરે જેથી કરીને સંરક્ષણ દળોમાં પ્રવેશવાનો મહિલા ઉમેદવારોનો માર્ગ મોકળો બને. અરજદાર કુશ કાલરા દ્વારા કોર્ટમાં હાજર રહેલાં એડવોકેટ ચિન્મય પ્રદીપ શર્માએ કરેલી દલીલોની નોંધ લેતાં બેન્ચે કહ્યું હતું કે સંરક્ષણ દળોમાં મહિલાઓના પ્રવેશને એક વર્ષ જેવા લાંબા સમય સુધી મુલત્વી રાખી શકાય નહીં સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું હતું કે સંરક્ષણદળોમાં મહિલાઓને સમાવી લેવા સરકાર દ્વારા નિષ્ણાતોની એક કમિટિ બનાવાઈ રહી છે અને આગામી વર્ષથી તેઓને સમાવી લેવાની બાકીની તમામ વ્યવસ્થા પણ થઈ રહી છે. અમે તમારી સમસ્યા સમજીએ છીએ પરંતુ તેનો ઉકેલ લાવવા પણ તમે સંપૂર્ણ સક્ષણ છો તેથી એનડીએની પરીક્ષામાં બેસવા થનગની રહેલી મહિલા ઉમેદવારોની ઈચ્છાઓને ધ્યાનમાં લેતાં અમે તમારી વિનંતી સ્વિકારી શકીએ તેમ નથી એમ બેન્ચે કેન્દ્ર સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું.

## રેલવેએ બાયોમેટ્રિક ટોકન મશીન લોન્ચ કર્યુ

નવી દિલ્હી,

કોરોના દરમિયાન સ્ટેશનો પર ઉમટવાવાળી ભીડના કારણે ટ્રેનોનુ પરિચાલન બંધ કરી દીધુ હતુ પરંતુ હવે ઓછા થતા કેસની વચ્ચે કેટલાક ટ્રેનોનું સંચાલન ફરી શરૂ કર્યુ. એવામાં કોરોનાની ત્રીજી લહેરનુ જોખમ ઉભુ થયુ છે. આ સ્થિતિમાં રેલવેનુ આ પગલુ ભીડને નિયંત્રિત કરીને, કોરોનાના જોખમને પણ ઓછુ કરી શકે છે. બાયોમેટ્રિક ટોકન મશીનના સહારે રેલવે અપરાધીઓ પર પણ નકેલ કસવામાં આવશે. ટોકન સિસ્ટમ લાગુ થયા બાદ રેલવેની પાસે દરેક યાત્રીની ડિટેલ ઉપલબ્ધ થશે. એવામાં કોઈ પણ અપરાધિક પ્રવૃતિની વ્યક્તિ પકડવા જવાના ભયથી અપરાધ કરવાથી ડરશે.જનરલ કોચમાં મુસાફરી કરવા માટે ઉમટનારી ભીડને જોતા રેલવેએ બાયોમેટ્રિક ટોકન મશીન લોન્ચ કર્યુ છે. આ મશીનના આવવાથી હવે જનરલ કોચમાંપણ આરક્ષણની સુવિધા હશે. આ પહેલો પ્રયોગ છે. હાલ આ મશીન હજુ માત્ર સાઉથ સેન્ટ્રલ રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર લગાવાઈ છે. મુસાફરને યાત્રા કર્યા પહેલા આ બાયોમેટ્રિક મશીનના માધ્યમથી ટિકિટ લેવી પડશે. આ માટે આપને પોતાની સફરની જાણકારી આપતા મશીન પર અંગૂઠો લગાવવાનુ હશે. જે બાદ મશીન આપની જાણકારી પ્રાપ્ત કરીને ટોકન જનરેટ કરી દેશે. જેમાં ડબ્બા નંબર અને સીરિયલ નંબર અંકિત હશે.

# આનંદ ગિરિ ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં

પ્રયાગરાજ,

આનંદ ગિરિને દેશ વિદેશના પ્રવાસનો પણ ખૂબ જ શોખ છે. લગભગ છ વર્ષ અગાઉ તેઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા. ત્યાં હોટલમાં બે મહિલાઓ સાથે છેડછાડ અને મારપીટ કરવાનો તેમના પર આરોપ હતો. ગયા વર્ષે જ આનંદનો એક ફોટો વાયરલ થયો હતો. ફોટામાં તેઓ વિમાનના બિઝનેસ ક્લાસમાં બેઠેલા દેખાયા હતા. તેમની સામેના હોલ્ડર પર દારૂનો ગ્લાસ દેખાઈ રહ્યો હતો. આ ફોટો વાયરલ થયા બાદ મઠ સાથે સંકળાયેલા લોકોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યાર બાદ આનંદ ગિરિએ સ્પષ્ટતા કરવી પડી હતી કે એ ગ્લાસમાં સફરજનનો રસ હતો. તેમને બદનામ કરવા આ તસવીરો વાયરલ કરાઈ હતી એવો તેમણે સામો આક્ષેપ કર્યો હતો. આનંદ ગિરિ પર એવા પણ આરોપ લાગ્યા છે કે તેઓ સંત પરંપરાથી વિરુદ્ધ



પોતાના પરિવાર સાથે સંબંધ રાખે છે. મંદિરથી સંકળાયેલા લોકો અનુસાર આનંદ ગિરિની રહેણી-કરણી અને વિવાદોને કારણે તેમના ગુરુ સાથે અનેક વાર તેમના મતભેદ થયા હતા.મહંત નરેન્દ્ર ગિરિના મોતના કેસમાં તેમના શિષ્ય મહંત આનંદ ગિરિની મુશ્કેલીઓ સતત વધી રહી છે. ચીફ જ્યુડિશિયલ મેજસ્ટ્રિટ કોર્ટે કેસના આરોપી આનંદ ગિરિ અને આધા તિવારીને આજે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા છે. પોલીસ હવે પૂછપરછ માટે તેમના રિમાન્ડ લેવા માટે કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. આ અગાઉ આ કેસમાં સીબીઆઈ તપાસની પણ માગ કરવામાં આવી હતી. કરપાત્રી આશ્રમના પ્રમુખ સંત અભિષેક બ્રહ્મચારીએ મહંત નરેન્દ્ર ગિરિના શંકાસ્પદ સંજોગોમાં મોતના કેસની તપાસ કોર્ટની નજર હેઠળ સીબીઆઈ પાસે કરાવવાની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત સ્વામી નરેન્દ્ર ગિરિના મૃતદેહ ગત સોમવારે પ્રયાગરાગ સ્થિત તેમના મઠમાં છત પર લટકતો મળી આવ્યો હતો. મઠની સંપત્તિના વિવાદમાં તેમની હત્યા કરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. શ્રીમઠ બાઘમ્બરી ગાદીના મહંત અને અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિના પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું છે કે ફાંસીને કારણે તેમનું મોત થયું હતું. મહંત નરેન્દ્ર ગિરિના મોત પરથી પડજો ઉચકવા માટે આજે સ્વરુપરાની નહેરૂ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ હાઉસમાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ પોસ્ટમોર્ટમ નિષ્પક્ષ રીતે થાય તે માટે પાંચ ડોક્ટરોની પેનલ બનાવવામાં આવી હતી. સમગ્ર ટીમનું સુપરવિઝન સ્વયં મુખ્ય આરોગ્ય અધિકારી ડો. નાનક સરને કર્યુ હતું. પોસ્ટમોર્ટમ રૂમને પોલીસે ચારે બાજુથી ઘેરી લીધું હતું. પોસ્ટમોર્ટમ માટે પાંચ ડોક્ટરોની પેનલ બનાવવામાં આવી હોય તેવું ઘણા સમય પછી જોવા મળ્યું છે. આ દરમિયાન નિરંજન અખાડાના રવિન્દ્ર પુરીએ જણાવ્યું છે કે ફાંસીમાં માથાની પાછળ ઈજાના ચિહ્નો કેવી રીતે હોઈ શકે? જીભ અને આંખો ચઢી નથી પછી આ ફાંસી કઈ રીતે હોઈ શકે. તેમણે વધુમાં જણાવ્યું છે કે જે સ્યુસાઈડ નોટ મળી આવી છે તે મહંત નરેન્દ્ર ગિરિએ લખી નથી. આ બાબતની જાણ થવી જોઈએ. એવુ લાગે છે કે કોઈ બીએ પાસ યુવકે આ નોટ લખી છે. અખાડામાં સાત દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે. અખાડા પરિષદના અધ્યક્ષ પદનો નિર્ણય ૧૬ દિવસ પછી લેવામાં આવશે. અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગિરિના મોત પછી તેમના શિષ્ય નરેન્દ્ર ગિરિના મોત બાદ તેમના શિષ્ય મહંત આનંદ ગિરિની લાઈફ સ્ટાઈલ ચર્ચામાં છે. મોંઘી ગાડીઓમાં ફરવું અને કિંમતી મોબાઈલ રાખવા તેમનો શોખ છે. તેમના ભગવા કપડા પણ મોંઘા હોય છે. ઉપરાંત તેઓ ઓસ્ટ્રેલિયામાં મહિલાઓ સાથે છેડછાડ અને વિમાનમાં દારૂ સાથેના ફોટોને કારણે પણ વિવાદમાં રહ્યા છે. આનંદ ગિરિ પ્રયાગરાજમાં સંગમના તટ પર આવેલા હનુમાન મંદિરમાં મહંત નરેન્દ્ર ગિરિના સૌથી વિશ્વનીય હતા. એથી જ લોકો તેમને છોટે મહારાજ કહેતા હતા. આનંદ ગિરિને લક્ઝરી કારોનો શોખ છે. પ્રયાગરાજમાં તેમની નજીકના સુત્રોના જણાવ્યા મુજબ હોંડા સિટી તેમની માનીતી કાર છે. પણ મહા મહિનાના મેળામાં તેઓ અવારનવાર બુલેટ પર સવાર થયેલા દેખાતા હતા. ત્યારે પણ તેમના હાથોમાં એપલના બે મોંઘા મોબાઈલ રહેતા હતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## માહિતી નિયામકની કચેરી તેમજ પ્રેસ એકેડમી

# ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી દાહોદનાં સયુક્ત ઉપક્રમે પ્રેસ પરિસંવાદ યોજાયો

દાહોદ,

દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતેના સભાખંડમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે સ્વાતંત્ર્ય સંગ્રામમાં દાહોદ જિલ્લાનું યોગદાન વિષય પર એક પ્રેસ પરિસંવાદ યોજાયો હતો. માહિતી નિયામકની કચેરી તેમજ પ્રેસ એકેડમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, દાહોદ દ્વારા આયોજિત આ પરિસંવાદમાં જાણીતાં શિક્ષણવિદ અને સમાજસેવિકા ઇલાબેન દેસાઇએ દાહોદ જિલ્લામાં આઝાદી સમયનો માહોલ અને અનેક નામી અનામી સ્વાતંત્ર્ય વીરોના પ્રદાન વિશે વિગતે વાત કરી હતી.

અંગ્રેજોએ કઇ રીતે દેશમાં પોતાની સત્તા સ્થાપી એ વિશે વાત કરતા ઇલાબેને જણાવ્યું કે, અંગ્રેજો વેપાર કરવાના ઈરાદે દેશમાં આવ્યા હતા, પરંતુ પોતાના રક્ષા અર્થે લાવેલા લશ્કરની મદદથી તેમણે ધીરે–ધીરે દેશના અનેક પ્રદેશોનો કબજો જમાવ્યો. એ સમયે દેશનાં રાજાઓમાં એકતાનો અભાવ હતો તેનો અંગ્રેજોએ ભરપૂર લાભ લીધો અને પોતાની સત્તા સ્થાપી. અંગ્રેજો સામે અનેક રાજાઓએ લડાઇઓ લડી પરંતુ તેઓ એકલા જ લડી રહ્યાં હતા, તેમને અન્ય રાજાઓનો સાથ મળ્યો નહી.

તેમણે વર્ષ ૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ અંગ્રેજો સામેનો જોરદાર વિપ્લવ હતો. જેમાં અનેક સ્વાતંત્ર્ય વીરો શહીદ થયા. અંગ્રેજો ભીલવીરોને પોતાના લશ્કરમાં સામેલ કરતા નહોતા. ત્યાર બાદ વર્ષ ૧૮૬૪ પછીના વર્ષોમાં પણ અંગ્રેજો અનેક બળવાખોરોને દાબી દેવા વ્યાપક પગલા લીધા. વર્ષ ૧૮૫૭ ની ક્રાંતિથી દેશભરમાં સ્વાતંત્ર્ય માટે લોકજાગૃતિ આવી. જે સતત વધતી જ ગઇ.

તેમણે દાહોદ જિલ્લામાં કઇ રીતે આઝાદીનો જુવાળ પ્રસર્યોએ વિશે વાત કરતા જણાવ્યું કે, ગાંધીજી વર્ષ ૧૯૧૫ પછી દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સામે આંદોલન કર્યા પછી ભારત પરત આવ્યા હતા. અને દેશભરમાં પ્રવાસ બાદ ચંપારણ સત્યાગ્રહ આદર્યો હતો. ત્યાર બાદ તેમણે કરેલા સત્યાગ્રહોના આદિવાસી જિલ્લામાંથી મળી રહેલા પ્રતિભાવો જોતા તેમણે ઠક્કરબાપાને અહીંયા મોકલ્યા. દાહોદમાં પણ નવનીતભાઇ દેસાઇ સહિતનાં સ્વાતંત્ર્યવીરો આંદોલન ચલાવી રહ્યાં હતા. દાહોદનાં ગામે ગામ તેના પ્રત્યાઘાત મળી રહ્યાં હતા. તેમણે દાહોદ જિલ્લાના સ્વાતંત્ર્યવીરો જેમને તેઓ રૂબરૂ મળ્યા હતા તેમના અનુભવ જણાવતા કહ્યું કે, દાહોદમાં સ્વાતંત્ર્ય માટે અનોખો જોસ્સો જોવા મળતો હતો. આ સ્વાતંત્ર્ય વીરો મરજીવા થઇને આંદોલનમાં ઝપલાવ્યું હતું. એ માટે તેમણે પોતાનું સર્વસ્વ દાવ પર લગાવ્યું હતું. અંગ્રેજોના દમનનો કોઇ પાર નહોતો છતાં પણ સૌ કોઇએ હિંમતભેર તેનો સામનો કર્યો હતો.

આ પરિસંવાદમાં આઝાદીના અમૃત મહોત્સવનું મહાત્મ્ય સમજાવતાં કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ એ રાષ્ટ્રનિર્માણનો અવસર છે. દેશ અને રાષ્ટ્ર વચ્ચે બે મહત્વનાં તફાવત છે. દેશએ ભૌગોલિક પ્રદેશ સાથે જોડાયેલી વિભાવના છે જયારે રાષ્ટ્ર એ લોકોના મન સાથે જોડાયેલા ઐક્યની વિભાવના છે. હું ભારતીય છું એ રાષ્ટ્રભાવના આપણે રોપવાની છે.

તેમણે જણાવ્યું કે, આઝાદીનો અમૃત મહોત્સવ એ હું પ્રથમ ભારતીય છું એ રાષ્ટ્રભાવના વિકસાવાના ઉદ્દેશ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આઝાદીના ૭૫ માં વર્ષે ૭૫ અઠવાડિયા સુધી આ કાર્યક્રમ યોજવામાં આવશે. કોઇ પણ પ્રદેશ, ધર્મ કે જાતિથી ઉપર ઉઠીને હું ભારતીય છું એ રાષ્ટ્રભાવના કેળવવાના ઉદ્દેશ સાથે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે જિલ્લામાં ઉજવવામાં આવનારા કાર્યક્રમો વિશે માહિતી આપતા જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૧૨ માર્ચના શરૂ કરવામાં આવેલો અમૃત મહોત્સવ ૭૫ અઠવાડિયા સુધી ચાલશે. જિલ્લામાં આ નિમિત્તે ડીઆરડીએ કચેરી ખાતે પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સખીમંડળોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સખીમંડળોને લાભની વહેચણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગત તા.૧ થી ૯ ઓગસ્ટ દરમિયાન પણ જિલ્લામાં યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોમાં આઝાદીના અમૃત મહોત્સવને સામેલ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાનનાં બીજા તબક્કામાં જિલ્લામાં ૧૦૦ દિવસીય સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં વ્યક્તિગત શોકપીટ તેમજ સામુહિક શોકપીટનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત પ્લાસ્ટિક કચરાના નિકાલ માટે પણ એક અભિયાન સાથે કાર્યક્રમ યોજવામાં આવશે.

દાહોદ જિલ્લાના ઇતિહાસનાં અભ્યાસુ અને પત્રકાર સચિન દેસાઇએ જણાવ્યું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં દાહોદ જિલ્લાનું પ્રદાન અનન્ય છે. તા.૬ જુલાઇ, ૧૮૫૭ થી તા. ૧૧ જુલાઇ ૧૮૫૭ દરમિયાન દાહોદના ગડી કિલ્લા ખાતે અંગ્રેજોએ તાત્યાસાહેબને પકડવા ઘેરો ઘાલ્યો હતો. આ દિવસો દરમિયાન થયેલા લોહિયાળ સંઘર્ષને કારણે આ દિવસો કાળા દિવસો તરીકે જાણીતા છે. સરકારી ગેઝેટ પ્રમાણે આ સંઘર્ષમાં પકડાયેલા સ્વાતંત્ર્ય સૈનિકોમાંથી ૪ ને ટોપને નાળચે, ૬ ને ફાંસીને માંચડે અને ૧૫ જણાને આજીવન કેદ કરવામાં આવી હતી.

તેમણે માનગઢના લોહિયાળ સંઘર્ષ અને અનેક નરબંકાઓની શહાદત વિશે વાત કરતા જણાવ્યું કે, તા. ૧૭ નવેમ્બર, ૧૯૧૩માં થયેલા આ ભીષણ સંઘર્ષમાં એકજ દિવસમાં ૧૫૦૩ જેટલા આદિવાસીઓએ ગુરૂ ગોવિંદના નેતૃત્વમાં અંગ્રેજો સામે શહીદ થયાં હતા.

આ ઉપરાંત સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન વર્ષ ૧૯૧૯ અને વર્ષ ૧૯૩૧ માં ગાંધીજીએ દાહોદ જિલ્લાની મુલાકાત લીધી હતી. તેમજ સરદાર પટેલે પણ દાહોદ જિલ્લાની મુલાકાત લીધી હતી તેનો સચિનભાઇએ ઉલ્લેખ કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પત્રકાર મિત્રોએ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ રસપૂર્વક માણ્યો હતો. આ પરિસંવાદમાં મધ્ય ગુજરાત ઝોનનાં સયુક્ત માહિતી નિયામક ભાવસિંહ રાઠવા, નાયબ માહિતી નિયામક બાબુ દેસાઇ, સંજય શાહ સહિતનાં અધિકારીઓ તેમજ જિલ્લાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.

## દેવગઢ બારીઆ કોર્ટે મારામારીના કેસમાં

# ત્રણ આરોપીઓને દોષીત ઠેરવી જેલને હવાલે બેદરકારી પૂર્વક તપાસ કરનાર અધિકારીઓ સામે ડિપાર્ટમેન્ટલી ઇન્કવાયરી કરવાનો હુકમ કરતાં અન્ય ગુનેગારો તેમજ પોલીસ બેડામાં ફફડાટ

દે.બારીયા,

દેવગઢ બારીઆ કોર્ટ માં મારમારી નાં બે અલગ અલગ કેસ માં બે આરોપી ને સજા ફટકારતા કોર્ટ સંકુલમાં પણ જાણે હડકંપ મચ્યો હોઈ તેમ અન્ય ગુનેગારો માં ફફડાટ.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના ચેનપુર ગામે રહેતાં ચંચી બેન સાથે આજ ગામનાં દિલીપ ભાઇ ચંદ્રા ભાઈએ પાણી ભરવા તેમજ ખેતરમાં ઢોર ઘાસચારો ખાવા બાબતે ઝગડો કરી છૂટા પથ્થરો મારી મારમારી હાથમાં ફેક્ચર કરતાં ચંચિ બેનને આ બાબતે દેવગઢ બારીઆ પોલીસ મથકે તા.૧૮/૦૭/૨૦૧૧નાં રોજ દિલીપભાઈ ચંદ્રાભાઈ વિરૂદ્ધ ગુન્હો નોંધાવતા જે કેસ દેવગઢ બારીયા જુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એ જે વાસુની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ જે એમ વસાવા ની ધારા દાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી તરફે પુરાવા પડતા જુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસએ જે વાસુએ આ કેસમાં દસ વર્ષ પછી આરોપી દિલીપ ચંદ્રા ભાઈને ઈપીકો કલમ ૩૨૩માં બે માસની સાદી કેદ તથા રૂપિયા ૧૦૦૦રોકડ દંડ તેમજ ઇ પી કો કલમ–૩૨૫ ત્રણ વર્ષની સાદી કેદ તેમજ ૩૦૦૦રૂપિયા નો દંડ ઈપીકો કલમ ૩૩૭માં ત્રણ માસની સાદી કેદ નો હુકમ કરી જેલ હવાલે કર્યો.

જયારે બીજા ગુનામાં દેવગઢ બારિયા તાલુકાના વિરોલ ગામના ફરિયાદી રવજીભાઈ નાનકા ભાઈને વિરોલ ગામના દિનેશ ભાઈ ભેમાભાઈ તેમજ શૈલેષ ભાઈ ભેમાભાઈ એમ બંને જણા મળી રાવજીભાઈ નાના ભાઈને લાકડી વડે માર મારી હાથમાં ફેક્ચર કરતાં રવજીભાઈએ તા.૧૫/૦૩/૧૪ નારો દેવગઢ બારીયા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો જે ગુન્હો કોર્ટમાં તબદીલ હતા અને આ કેસ જુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ એ જે વાસુ ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી સાત વર્ષ જૂના કેસમાં આરોપી દિનેશ ભાઈ ભેમાભાઈ ને ઈ પી કો કલમ ૩૨૫ માં તકસીરવાન ઠેરવી બે વર્ષની સાદી કેદ અને રૂ ૨૦૦૦નો દંડ તેમજ અન્ય બીજા આરોપી શૈલેષ ભેમાભાઈને ઈપીકો કલમ ૩૨૩માં તકસીરવાન ઠરાવી છ માસની સાદી કેદની સજા ફટકારતા તેમજ આ બંન્ને ગુન્હામાં તપાસ અધિકારી દ્વારા નિષ્પક્ષ તપાસ કરેલ ન હોય અને બેદરકારી પૂર્વક તપાસ કરેલ હોય તે અધિકારીઓ સામે જજ એ જે વાસુએ બેદરકારી પૂર્વક તપાસ કરનાર અધિકારીઓ સામે ડિપાર્ટમેન્ટલી ઇન્કવાયરી કરવાનો આદેશ કરતા કોર્ટ સંકુલમાં પણ હડકંપ મચી ગયેલ હતો જયારે આ હુકમથી અન્ય ગુનેગારો તેમજ પોલીસ અધિકારીઓમાં પણ ખળભળાટ મચી જવા પામેલ છે.

# દાહોદ જિલ્લામાં “અનુબંધમ” પોર્ટલ અંગે એમ્પ્લોયર માટે આઉટ રીચ સેમીનાર યોજવામાં આવ્યો

દાહોદ,

દાહોદ જીલ્લા રોજગાર કચેરી અને સરકારી આઈટીઆઈના સંયુક્ત ઉપક્રમે જોબ સીકર અને નોકરીદાતાને જોડતા શ્રમ અને રોજગાર વિભાગના “અનુબંધમ” પોર્ટલ અંગે એમ્પ્લોયર માટે આઉટ રીચ સેમીનાર યોજવામા આવ્યો હતો. સેમીનારમાં નોકરીદાતા એમ્પ્લોયર ને પોર્ટલ પર એમ્પ્લોયર તરીકે રજીસ્ટ્રેશન ભરતી વગેરે માહીતી આપવામા આવી હતી. એમ્પ્લોયરના સ્થળ પર રજીસ્ટ્રેશન પણ કરવામા આવ્યા હતા.

રોજગાર અધિકારી એ. એલ. ચૌહાણે જણાવ્યું કે, દાહોદ જીલ્લામાં અત્યાર સુધી અનુબંધમ પોર્ટલ પર ૪૫૨૦ જોબસીકર, તેમજ ૮૦ નોકરીદાતાનુ રજીસ્ટ્રેશન



થયું છે. તેમજ ૩ ભરતી મેળા યોજવામા આવ્યા છે. ગત તા.૦૬ ઓગસ્ટના રોજ “રોજગાર દિવસ” અનુબંધમ પોર્ટલ અને મોબાઈલ એપનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જેમાં રજીસ્ટ્રેશન થકી ઉમેદવાર પોતાના જીલ્લા–રાજ્યની ની વિવિધ સેક્ટર વાઈઝ નોકરી શોધી શકશે તથા રોજગારવાન્છું ઉમેદવાર ઘરે બેઠા આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ http://anubandham.gujarat.gov.in વેબપોર્ટલમાં જોબ સીકરે રજીસ્ટ્રેશન માટે માત્ર આધારકાર્ડ નંબર અને આધારકાર્ડનો ફોટો ફાઈલ અપલોડ કરવાનો રહેશે.

સરળતાથી નોકરીની શોધ કરતા યુવાનો આ પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરી શકશે. અને પોતાની એજ્યુકેશનને લગતી લાયકાત પણ અપડેટ કરી શકશે અને જગ્યા સામે એપ્લાય કરી શકશે વેબપોર્ટલમાં જઈને રોજગારવાન્છું ઉમેદવાર તરીકે ઉમેદવારે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. તેમજ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની શોધ કરતા કંપની–નોકરીદાતાએ જોબ પ્રોવાઈડર કે એમ્પ્લોયર તરીકે પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

એમ્પલોયરે પાન કાર્ડ નંબર, આધાર નંબર, તેમજ જી.એસ.ટી. નંબર કોઈ પણ એકથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. સંસ્થા કે એકમમાં ખાલી પડેલ જગ્યાઓ દર્શાવી શકે છે. અને પોર્ટલ પરથી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને શોર્ટ લીસ્ટ કરીને ઈન્ટરવ્યુ ગોઠવી શકશે. તેમજ રોજગાર કચેરીના રીટર્ન ઓનલાઈન ભરી શકશે. ઉકત સેવાનો વધુમાં વધુ વિના મુલ્યે લાભ લેવા જોબ સીકર અને જોબ પ્રોવાઈડરનુ રજીસ્ટ્રેશન માટે જીલ્લા રોજગાર કચેરીની હેલ્પ લાઈન નંબર ૦૨૬૭૩ ૨૩૯૧૫૯/ ૬૩૫૭ ૩૯૦ ૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

કાર્યક્રમમા વડોદરા રીજીઅનના નાયબ નિયામક તાલીમ આર.આર. પટેલ, તેમજ સરકારી આઈટીઆઈના પ્રીન્સીપાલ, સરકારી શ્રમ અધિકારી, તેમજ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રનાં અધિકારી, જીઆઇડીસીના પ્રમુખ વિજય શાહ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ જીલ્લા શિક્ષણઅધિકારી મયુર પારેખ દ્વારા ગુલ્લેબાજ શિક્ષકને ફરજ મોકૂફ કરાતાં શિક્ષણ જગતમાં ફફડાટ ફેલાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલ ઝેર પ્રાથમિક શાળાના ૨૦ વર્ષથી ગુલ્લેબાજ શિક્ષકને દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા સસ્પેન્ડ કરાતાં દાહોદ જિલ્લાના ગુલ્લેબાજ શિક્ષકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદ શિક્ષણાધિકારી છેલ્લા કેટલાંક સમયથી એક્શન મોડમાં આવ્યાં છે અને આવા ગુલ્લેબાજ શિક્ષકો તેમજ પોતાની ફરજ પર નિષ્કાળજી દાખવતાં શિક્ષકો સામે કડક વલણ અપનાવ્યું છે અને આવા શિક્ષકો સામે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી યોગ્ય પગલાં લઈ રહ્યાં છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલ જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમીક શાળા એવી ઝેરી પ્રાથમીક શાળામાં આ.શિ. શાહ સચિનકુમાર ભરતલાલ વિરૂદ્ધ સ્થાનીક ગ્રામજનો તેમજ વાલીઓ દ્વારા તા.૦૫.૦૭.૨૦૨૧ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખની લેખિત અરજી કરી હતી અને જેમાં જણાવ્યાં અનુસાર, આ શિક્ષક સચિનકુમાર શાળામાં છેલ્લા ઘણા વર્ષોથી આવતાંજ નથી અને હાજરી પત્રકમાં ખોટી સહીઓ કરીને ફરજ પર હાજર બતાવવામાં આવતાં હતાં. સદર બાબતની ગંભીરતા ધ્યાને લઈ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ અંગે લેખિત અરજી મળ્યાના દિવસથીજ તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો. સંબંધિત તાલુકા પ્રાથમીક શિક્ષાધિકારીને તપાસના આદેશો પણ આપી દેવામાં આવ્યાં હતાં અને લેખિત ફરિયાદમાં દર્શાવેલ વિગતો તપાસ દરમ્યાન સાચી હોવાનું સામે પણ આવ્યું હતું. ગ્રામજનો અને વાલીઓના લેખિત અને મૌખિક નિવેદનો પણ આ મામલે લેવામાં આવ્યાં હતાં.

ઉપરોક્ત સમગ્ર પ્રકરણ પર દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીની બાજ નજર હતી. તા.૨૨.૦૯.૨૦૨૧ના રોજ જિલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા આ મામલે રૂબરૂ ઝેર પ્રાથમીક શાળામાં ઓચિંતી મુલાકાતે પહોંચ્યાં હતાં જ્યાં શિક્ષક શાહ સચિનકુમાર ભરતલાલ ગેરહાજર માલુમ હોવાનું પડ્યું હતું. તાત્કાલિક ધોરણ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તારીખ ૨૨.૦૯.૨૦૨૧ના રોજ આ ગુલ્લેબાજ શિક્ષક શાહ સચિનકુમાર ભરતલાલને ફરજ પરથી મોકુફ કરવાનો હુકમ કરતાં સમગ્ર દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગમાં ભળભળાટ મચી જવા પામ્યો હતો.

# દે.બારીઆ સરકારી હોસ્પિટલમાં દર્દીઓના વોર્ડના પંખા ખોટ ખાયલા : કોણ ચાલુ કરાવશે ?

દે.બારીઆ,

દે.બારીઆ સરકારી હોસ્પિટલોમાં હાલના રોગચાળાના કારણે ખુબ ધસારો છે. ડેન્ગ્યુ, ચિકનગુણીયા, મેલેરિયા, ઝાડા–ઉલ્ટી તથા ટાઈફોઈડનો રોગચાળો ખુબ વકર્યો છે. દર્દીઓ જે ખંડમાં એડમીટ કરાય છે તે ખંડોમાં પંખા બંધ હોવાથી દર્દીઓ અને તેમના સાથે આવનારને ગરમીથી બફવવાનો વારો આવ્યો છે. જેટલો વરસાદ પડે છે તેટલી ગરમીમાં વધારો જોવા મળે છે. સાફસફાઈ દુર દુર સુધી દેખવા મળતી નથી. તદ્ઉપરાંત બેડમાં પથારી હોય તો ઓશિકા હોતા નથી. દરેક બેડની ચાદરો બદલવામાં આવતી નથી. જેથી સુપ્રિટેન્ડેન્ટને આ બાબતે કોરોના કાળમાં સાફસફાઈ માટે સુચનો આપશે ખરા ? કોઈપણ દર્દીને પંખા વગર ચાલે ના તેવા દર્દીઓ પોતાના ઘરેથી પંખો લઈ સારવાર કરાવવા મજબુર બન્યા છે. દાહોદ જિલ્લાના મોડેલ રૂપી તાલુકાનુ મુખ્ય મથક દે.બારીઆ શહેરમાં આવી હાલત છે તો બીજી બાજુ ગ્રામિણના નાના પીસીઓની કેવી પરિસ્થિતિ હશે તે રામ જાણે. લાગતા વળગતા અધિકારીઓ ખોટ ખાયલા પંખા રિપેરીંગ માટે નાણાં ફાળવે. ગ્રાન્ટનો અભાવ હોય તો વહેલી તકે રિપેરીંગ માટેની ગ્રાન્ટ ઈશ્યુ કરે.

# દાહોદ જિલ્લામાં વિશ્વકર્મા પૂજન દિવસ અને અસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ પ્રેરિત અને પંચાલ સમાજ યુવા/મહિલા સંગઠન દાહોદ તથા સ્થાનિક મંડળોના સંયુક્ત ઉપક્રમે આયોજિત દાહોદ જિલ્લાના આઠ ઝોનમાં ૧૭ મી સપ્ટેમ્બર વિશ્વકર્મા પૂજન દિવસ તરીકે શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં તમામ સંગઠનના હોદ્દેદારઓ, વડીલો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

વિશ્વકર્મા પૂજન દિવસ નિમિત્તે દાહોદ નગરમાં વિશ્વકર્મા દાદાની જયઘોષ સાથે પ્રભાતફેરીનું સુંદર આયોજન થયું હતું.

ગરબાડા વિસ્તારમાં બાઈકરેલી દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જિલ્લાના ગરબાડા, દાહોદ, ઝાલોદ, લીમખેડા, સંજેલી, લીમડી, ફતેપુરા, સુખસર, બલૈયા, જેસાવાડા અને અભલોડ મુકામે સામુહિક અસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં પંચાલ સમાજના જ્ઞાતિજનો જોડાયા હતા.

દરેક ઝોનમાં યુવાઓ અને મહિલાઓ દ્વારા વિશ્વકર્મા પૂજન દિવસ અને સાંમાજિક એક્તા વિષય પર બૌદ્ધિક વકતવ્ય આપવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા દરેક ઝોનમાં પ્રતિજ્ઞાવાંચન કરી ઉપસ્થિત તમામ જ્ઞાતિજનોને સમાજ વિકાસની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સ્થાનિક મંડળો દ્વારા ભજન કાર્યક્રમોનું પણ આયોજન થયું હતું. મહાઆરતી અને પ્રસાદ લઈ પંચાલ સમાજ વિશ્વકર્મા પૂજન દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

# દે.બારીઆના વાંદર ગામે રેડ કરી ૨.૪૧ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

દાહોદ,

દાહોદ જિલ્લા દેવગઢ બારીઆ તાલુકાના વાંદર ગામે બે ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં વિદેશી દારૂનો ધંધો કરતાં હોવાની પોલીસને મળેલ બાતમીના આધારે તેઓના આશ્રિત સ્થાને ઓચિંતી પ્રોહી રેડ કરતાં પોલીસને જોઈ બંન્ને જણા નાસી જવામાં સફળ રહ્યાં હતાં ત્યારે પોલીસે તેઓના આશ્રિત સ્થાનેથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૨,૪૧,૯૨૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૨મી સપ્ટેમ્બરના રોજ વિજયભાઈ શનાભાઈ પટેલ (રહે. અંતેલા, માળુ ફળિયું, તા.દેવગઢ બારીઆ) અને નટિઊઈ મથુરભાઈ બારીયા (રહે. વાંદર, તા. દેવગઢ બારીઆ) આ બંન્ને જણા વાંદર ગામે પોતાની વિસ્તારમાં વિદેશી દારૂનો ધંધો કરતાં હોવાની પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ઓચિંતી પ્રોહી રેડ કરતાં ઉપરોકત બંન્ને જણા નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પર તપાસ દરમ્યાન વિદેશી દારૂ થતા બીયરની કુલ બોટલો નંગ. ૩૨૪૦ કિંમત રૂા.૨,૪૧,૯૨૦નો પ્રોહી જથ્થો કબજે લઈ દેવગઢ બારીઆ પોલીસે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.28

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ગોધરા તાલુકાના કાંકણપુર ગામે

# CHC કેન્દ્રને જોડતા માર્ગ ઉપર પાણીના ખાબોચિયા અને કાદવ-કિચડને લઈ દર્દીઓ તેમજ ગ્રામજનો પરેશાન

ગોધરા,

ગોધરા તાલુકાનુ વિકસીત એવુ કાંકણપુર ગામ ધંધાકિય અને શૈક્ષણિક ક્ષેત્રે હરણફાળ ભરી છે તેવા કાંકણપુર પંચાયત વિસ્તારમાં આવેલ સરકારી સામુહિક આરોગ્ય કેન્દ્ર જવાના રસ્તા ઉપર પાણીના ખાબોચિયા અને કાદવ-કિચડનુ સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. ગ્રામ પંચાયતમાં રોડ રસ્તા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા છતા લોકોની અવર જવર રહેતી હોય તેવા રસ્તા માટે સ્થાનિક પંચાયતની લાલિયાવાડી છતી થઈ રહી છે. આ સી.એચ.સી.કેન્દ્રના રસ્તા ઉપરથી પસાર થવામાં ગ્રામજનો અને દર્દીઓ પરેશાની અનુભવી રહ્યા છે.






રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને ગ્રામ્ય વિસ્તારોમાં આંતરિક માર્ગો પણ બનાવીને સુવિધા પુરી પાડવામાં આવતી હોવાની જાહેરાત કરવામાં આવે છે ખરી પણ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા એવા રસ્તાની કામગીરી થાય છે ખરી ? એ પ્રશ્ન અવશ્ય થાય છે. કાંકણપુર ગામ શૈક્ષણિક અને વેપારી ધંધા ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે. કાંકણપુર આસપાસના ૧૦ કિમી ગ્રામ્ય વિસ્તારોના લોકો ખરીદી માટે તેમજ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોય છે. કાંકણપુર ગામમાં શાળા-કોલેજો, ફાર્મસી

## સ્થાનિક પંચાયત રોડ જેવી સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ

કોલેજ, વી.એસ.કોલેજ જેવી શૈક્ષણિક સંસ્થાઓ સામેલ છે. આમ વિકસિત એવી ગ્રામ પંચાયતમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ-રસ્તાઓ, ગટરલાઈન, તેમજ સ્વચ્છતાના અભાવે ઉડીને આંખે વળગે તેવો છે. ગામમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. આ સી.એચ.સી.કેન્દ્રમાં સ્થાનિક તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો દવા સારવાર માટે મોટા પ્રમાણમાં આવતા હોય છે તેવા સામુહિક આરોગ્ય કેન્દ્ર જવા માટેનો રસ્તો કાચો હોવાથી હાલ ચોમાસાની સીઝનમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા જોવા મળે છે. સી.એચ.સી.જવાના માર્ગ ઉપર પાણી અને કાદવ-કિચડને લઈને ચાલતા કે વાહન લઈને પસાર થવુ પણ ભારે થઈ પડે છે. તેમ છતાં વર્ષોથી ખખડધજ અને કાચા રસ્તાની સમસ્યા હોવા છતાં તે રસ્તાની કામગીરી કરવામાં પંચાયત તંત્ર સરભર નિષ્ફળ રહ્યુ છે. કાચા અને કાદવ-કિચડવાળા રસ્તાને લઈ હાલ ગ્રામજનો અને સી.એચ.સી.કેન્દ્રમાં દવા સારવાર માટે આવતા દર્દીઓ અને તેના સગાઓ પરેશાન થઈ રહ્યા છે. ત્યારે કાંકણપુર ગ્રામ પંચાયતના સત્તાધિશો હાલ સી.એચ.સી.ને જોડતા રસ્તાની કામગીરી સત્વરે કરીને લોકોની સમસ્યાનુ નિરાકરણ લાવે તે જરૂરી છે.

### મોરવા(હ) ધારાસભ્ય અને નવનિયુકત મંત્રીના

# ખોટા આદિજાતી પ્રમાણપત્રને લઈ રાજયકક્ષાના મંત્રી પદ પરથી દુર કરવાની માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદન આપ્યુ

ગોધરા,

પંચમહાલ મોરવા(હ)ના ધારાસભ્ય અને નવનિયુકત નિમિષાબેન સુથાર આદિજાતીનુ ખોટુ પ્રમાણપત્ર હોવાથી ગુજરાત હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યા હોય ત્યારે ચુકાદો ન આવે ત્યાં સુધી રાજયકક્ષાના આદિજાતી મંત્રી પદેથી દુર કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જિલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યુ છે.

પંચમહાલના મોરવા(હ) બેઠક ઉપરથી ચુંટાયેલા ધારાસભ્ય અને હાલ નવનિયુકત રાજયકક્ષાના મંત્રી નિમિષાબેન સુથાર જે ઘણા સમયથી ખોટા અનુસુચિત જનજાતિ (એસ.ટી.)ના પ્રમાણપત્રને લઈ વિવદોમાં ઘેરાયેલા છે. મોરવા(હ)બેઠક ઉપરથી ખોટા આદિજાતી પ્રમાણપત્ર મેળવીને એસ.ટી. સીટ ઉપરથી ચુંટાઈ આવેલ છે તેનો વિવાદ ઘેરાયેલો છે. મોરવા(હ)ના ધારાસભ્ય નિમિષાબેન સુથારના પતિની જાતિ પ્રમાણપત્રને વિશ્લેષણ સમિતિમાં તપાસ માટે મોકલવામાં આવતા વિશ્લેષણ સમિતિ પર રાજકિય દબાણ ઉભુ કરીને માન્ય કરવામાં આવ્યુ હતુ. ધારાસભ્ય નિમિષાબેન સુથારના ખોટા આદિજાતી પ્રમાણપત્રને લઈ વિવાદ ચાલી રહ્યો છે ત્યારે રાજયકક્ષાના આદિજાતી મંત્રી જેવુ મહત્વનુ મંત્રાલય સોંપી શકાય નહિ. નિમિષાબેન સુથારને આદિજાતી મંત્રી તરીકે નિમવાથી સમગ્ર આદિવાસી સમાજની લાગણીને ઠેસ પહોંચી છે. મોરવા(હ)ધારાસભ્ય ખોટા આદિજાતી પ્રમાણપત્રને લઈ ગુજરાત કેસ દાખલ કરવામાં આવ્યો છે. નામદાર હાઈકોર્ટમાં અંતિમ ફેસલો ન આવે ત્યાં સુધી મોરવા(હ) ધારાસભ્ય નિમિષાબેન સુથારને રાજયકક્ષાના આદિજાતી મંત્રી પદ ઉપરથી દુર કરવામાં આવે તેવી આદિવાસી સમાજની માંગણી છે. જો સરકાર દ્વારા આદિવાસી સમાજની માંગણીને અવગણના કરાશે તો આવનાર ચુંટણીના વર્ષમાં આદિવાસીઓ ફરી રાજયવ્યાપી આંદોલન કરવા મજબુર થવુ પડશે તેવી માંગ સાથે આજરોજ પંચમહાલ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ.

# શહેરા પ્રાંત અધિકારીએ ગોધરા હાઈવે ઉપર સફેદ પથ્થર ભરેલ ટ્રક ઝડપી

શહેરા,

શહેરા પ્રાંત એ ગોધરા હાઈવે માર્ગ ઉપર થી રોયલ્ટી પાસ વગર સફેદ પથ્થર ભરેલી ગાડીને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જવાબદાર તંત્રનો છુપો આશીર્વાદ હોવાથી જિલ્લા કલેક્ટર દ્વારા તાલુકા પંથકમાં સફેદ પથ્થરો અને રેતીનું ખનન અટકે તે માટે અલગ ટીમ બનાવીને કાર્યવાહી હાથ ધરવામાં તેવી આશા લોકો રાખી રહયા છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ જમીન અને નદીમાંથી રેતી અને સફેદ પથ્થરોનું મોટા પાયે ખનન થતું હોવા છતાં જવાબદાર ખાણ ખનીજ વિભાગ તંત્ર આ સામે કાર્યવાહી કરવાની જગ્યાએ મીઠી નજર રાખી રહયા હતા. પ્રાંત અધિકારી શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપરથી પસાર થઈ રહયા હતા. ત્યાર તેમને એક સફેદ પથ્થર ભરેલી ટ્રકને ઉભી રખાવીને ચાલક પાસે ખનિજ વહન કરવા માટેના જરૂરી કાગળો માગતા તે મળી આવ્યા ન હતા. જેથી ગેરકાયદેસર રીતે અને રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતું હોવાનું અધિકારીને જણાઈ આવતા તેઓ દ્વારા આ સફેદ પથ્થર ભરેલ ટ્રકને તાલુકા સેવા સદન ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી કરવા સાથે ખાણ અને ખનીજ વિભાગને આ બાબતે તેઓ દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારીએ કેટલાક મહિનાઓ પછી એક માત્ર સફેદ પથ્થર ભરેલી ટ્રક પકડી પાડવામાં આવતા ખનીજ ના ધંધા સાથે સંકળાયેલા ઘણા બધા લોકો તાલુકા સેવા સદન કચેરી ખાતે એકત્રિત થઈને લાગવગનો દોર શરૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાલુકા પંથકના બેરોકટોક સફેદ પથ્થરો અને રેતીનું બેફામ ગેરકાયદેસર રીતે ખનન થતું હોય તેમ છતાં સ્થાનિક અને જિલ્લાનું જવાબદાર ખાણ અને ખનીજ વિભાગ આ સામે અસરકારક કાર્યવાહી કરવાની જગ્યાએ છુપો આશીર્વાદ આ ખનિજ માફિયાઓ ને હોય તેવી અનેક ચર્ચાઓ નો મુદ્દો બન્યો હોય ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને શહેરા તાલુકા મા ખનીજ ચોરી થતી અટકાવવા માટે તેઓ દ્વારા એક ટીમ બનાવીને આ સમયે કડક કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા માર્કેટીંગ યાર્ડ પાસે લુણાવાડા તરફથી ગોધરા તરફ પૂરઝડપે જઈ રહેલ કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. ત્યાંથી પસાર થતા રાહદારીઓ મદદે દોડી આવીને કાર ચાલક સહિત બે સંતોને બહાર કાઢ્યા હતા. જોકે આ બનેલા બનાવમાં કાર ચાલક અને બે સંતો નો આબાદ બચાવ થયો હતો.

# શિવરાજપુર ટાઢોડિયા ગામ પાસે ટેમ્પોમાંથી ૯ ગૌવંશને પોલીસે બચાવ્યા

હાલોલ,

પાવાગઢ પોલીસ શિવરાજપુર ખાતે વાહન ચેકિંગમાં હતા દરમિયાન પસાર થતાં ટેમ્પાને ઉભો રાખવા ઈશારો કરતા ટેમ્પો ઉભો રાખ્યો ન હતો. અને રાઠોડિયા ગામ ખાતે ટેમ્પો મુકીને ચાલક અને ક્લિનર નાસી છુટ્યા હતા. ટેમ્પોમાં તપાસ કરતા ૧૦ ગૌવંશ મળી આવ્યા હતા. પોલીસે ખાખરીયા જાંબુઘોડા પાંજરાપોળ ખાતે ખસેડ્યા હતા.


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

પ્રાપ્ત વિગતો પ્રમાણે પાવાગઢ પોલીસ શિવરાજપુર ખાતે વાહન ચેકિંગમાં હતી દરમિયાન ટેમ્પો નં-જીજે-૦૯-ઝેડ-૪૩૮૯ ને હાથ ધરીને ઉભો રાખવાનો ઈશારો કરતા ટેમ્પો ચાલક વાહન ઉભુ નહિ રાખીને ભગાવી મુકેલ ત્યારે પોલીસે પીછો કરતા ટાઠોડિયા ગામ પાસે ટેમ્પો ચાલક વાહન છોડી ક્લિનર સાથે નાસી છુટેલ હતો. પોલીસે ટેમ્પોની તપાસ કરતા ટેમ્પોમાં કતલના ઈરાદે લઈ જવાતા ગૌવંશ નં-૮ વાછરડા તેમાં એક મરણ ગયેલ મળી આવતા પોલીસે ૯ ગૌવંશને બચાવી લઈને ખાખરીયા જાંબુઘોડા પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ટેમ્પો ચાલક અને ક્લિનર વિરુદ્ધ પ્રાણી સંરક્ષણ અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# મોરવા(હ)ના વેજમાં માતરિયા ગામે ખેતરમાંથી ૮ ફુટ લાંબા અજગરને વનવિભાગે રેસ્કયુ કર્યો



ગોધરા,

મોરવા(હ)તાલુકાના વેજમાં ગામે ખેતરમાં અજગર જોવા મળતા વન વિભાગને જાણ કરાઈ હતી. વનવિભાગની ટીમ દ્વારા રેસ્કયુ કરીને જંગલમાં છોડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)તાલુકાના વેજમાં માતરિયા ગામે રહેતા નરવતભાઈ બારીયાના ખેતરમાં મકાઈ ડોડા તોડતા હતા દરમિયાન ખેતરમાં ૮ ફુટ જેટલા લાંબા અજગર જોવા મળ્યો હતો ખેતરમાં અજગર હોવા અંગે વનવિભાગને જાણ કરવામાં આવતા વનવિભાગની ટીમ દ્વારા અજગરનુ રેસ્કયુ કરવામાં આવ્યુ હતુ. ખેતરમાં અજગર હોવાની ચર્ચાથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વનવિભાગની ટીમ દ્વારા અજગરને જંગલમાં છોડવામાં આવ્યો હતો.

# કાવ્ય અને લોકગીત કાવ્યગાન સ્પર્ધામાં મીરઝા આફરીન તૃતીયક્રમે વિજેતા


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે યુનિવર્સિટી કક્ષાની શૌર્યગીત-લોકગીત સ્પર્ધા યોજાય હતી. જેમાં પંચશીલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરાની વિદ્યાર્થીની મીરઝા આફરીને યુનિવર્સિટી કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું નામ રોશન કર્યુ છે. આ સ્પર્ધામાં કોલેજના પ્રતિનિધિ તરીકે ગુજરાતીના અધ્યાપક પ્રતિકભાઈ શ્રીમાળીએ વિદ્યાર્થિનીને જરૂરી પ્રેક્ટિસ કરાવી હતી જેના પરિણામ સ્વરૂપે સ્પર્ધામાં મળેલી સફળતા માટે સમગ્ર કોલેજ પરિવાર વતી વિદ્યાર્થીની અને સ્પર્ધાના પ્રતિનિધિને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

# સંજેલીના ઢાળસીમળ ગામે આકાશી વીજળી પડતા મહિલાનું મોત


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ઢાળસીમળ ગામે એક મહિલા ઉપર વીજળી પડતાં ઘટના સ્થળ પરજ મહિલાનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો અને ઘટના બાદ મહિલાના મૃતદેહને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો હતો.

છેલ્લા બે દિવસથી દાહોદ જિલ્લામાં વરસાદી માહોલ છવાઈ ગયો છે. સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયાં છે. મેઘરાજા વીજળીના કડાકા ધડાકા સાથે વરસી રહ્યાં છે ત્યારે દાહોદ જિલ્લાના ઢાળસીમળ ગામે એક પરિવારમાં કરૂણાંતિકા છવાઈ ગઈ હતી. આજરો વરસતા વરસાદમાં ગામમાં રહેતી એક ૪૦ વર્ષીય મહિલા ડુંગર ઉપર બાંધેલ પશુઓ છોડવવા ગઈ હતી અને વરસતા વરસાદ વચ્ચે અચાનક આકાશી વીજળી પડતાં ૪૦ વર્ષીય મહિલાનું ઘટના સ્થળ પરજ કરૂણ મોત નીપજ્યું હતું. મહિલાના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો ત્યારે આ અંગેની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મહિલાના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પોસ્ટ મોર્ટમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

# ઝાલોદ નગરમાં ગાય અને વાછરડાન ફોર વ્હિલમાં ભરી ઈસમો ફરાર

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં વહેલી સવારના ચાર વાગ્યાના સમયે એક ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ આવેલ ત્રણ અજાણ્યા ઈસમો દ્વારા રસ્તાની સાડઈમાં બેઠેલ એક ગાય તથા નાના વાછરડાને પકડી લઈ કુરતાં પુર્વક ફોર વ્હીલર ગાડીમાં ધકેલી લઈ બેસાડી દઈ ગૌવંશને કતલ કરવાને ઈરાદે લઈ ગયાં હોવાનું જાણવા મળ્યું છે.

ગત તા.૨૧મી સપ્ટેમ્બરના રોજ વહેલી સવારના ચારેક વાગ્યાના સમયગાળા દરમ્યાન ઝાલોદ નગરના સ્વર્ણિમ સર્કલ ઉપર એક ફોર વ્હીલર ગાડી લઈ તેમાં ત્રણ અજાણ્યા ઈસમો ઉતર્યાં હતાં. આ દરમ્યાન રસ્તાની સાઈડમાં બેઠેલ એક ગાય અને એક નાનું વાછરડાને આ અજાણ્યા ત્રણેય ઈસમોએ બળજબરીપુર્વક પોતાની ગાડીમાં ભરી લઈ નાસી જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, આ ગૌવંશને કતલ કરવાને ઈરાદે લઈ જવામાં આવતાં હતાં.

આ સંબંધે મનીષભાઈ દલપતભાઈ પંચાલ (રહે. ઝાલોદ, નગરપાલિકા પાસે, દામોદર સોસાયટી) દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાવાગઢ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી રાજુભટ્ટ વિરૂદ્ધ નોંધાયેલ દુષ્કર્મની ફરિયાદને લઈ ટ્રસ્ટના પદ પરથી દુર કરાયા

હાલોલ,

વડોદરાના ગૌત્રી પોલીસ મથકે યુવતિ દ્વારા પાવાગઢ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી રાજુભટ્ટ વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધાવામાં આવ્યા છે. જેને લઈ ટ્રસ્ટને પત્ર લખીને જવાબદારમાંથી મુકત કરવા જણાવવામાં આવ્યુ હતુ. વિસ્તૃત વિગતો પ્રમાણે વડોદરાનો ચર્ચાસ્પદ કિસ્સો જેમાં જાણીતા ચાર્ટડ એકાઉન્ટ અને પાવાગઢ મંદિર ટ્રસ્ટની સેક્રેટરી રાજુભટ્ટ સામે યુવતિ સાથે દુષ્કર્મ આચરવાનો ગુનો ગૌત્રી પોલીસ મથકમાં નોંધાવવા પામ્યો છે અને હાલ પોલીસ ધરપકડથી બચવા માટે ભુગર્ભાં ચાલ્યા ગયા છે એવા પાવાગઢ મંદિર ટ્રસ્ટના સેક્રેટરી રાજુભટ્ટ દ્વારા ટ્રસ્ટને પત્ર લખીને ટ્રસ્ટની જવાબદારીમાંથી મુકત કરવા જણાવવામાં આવ્યુ હતુ. જેને મંદિર ટ્રસ્ટે ગ્રાહ્ય રાખીને ટ્રસ્ટમાં સેક્રેટરી ઉપરથી મુકત કરવામાં આવ્યા છે. હાલ પાવાગઢ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, રાજુભટ્ટ ઉપર લાગેલા આરોપ સાબિત થશે તો ટ્રસ્ટમાંથી દુર કરવામાં આવશે.